# અરવલ્લીમાં બુટલેગરો દ્વારા શામળાજી પોલીસ પર જીવલેણ હુમલો

મોડાસા, તા.૩

રજી ઓક્ટોબર એટલે ગાંધી જયંતી ગાંધીનું ગુજરાતમાં નશાબંધીના પ્રણેતા એટલે ગાંધીબાપુ



પણ તેમના જ જન્મ દિવસે બુટલેગરો દ્વારા અરવલ્લી પોલિસનું નાક કપાય તેવું કૃત્ય.ગાંધી ના ગુજરાત એટલે નશાબંધી વાળુ ગુજરાત પરંતુ આજકાલ આ શબ્દને જાણે ગ્રહણ લાગી ગયુ હોઈ તેમ ગાંધીનું ગુજરાત એટલે નશાવાળુ ગુજરાત એવુ સાબિત થઈ રહ્યુ છે.

અરવલ્લી જીલ્લાની શામળાજી પોલીસ જાણે કે બુટલેગરો માટે દુશ્મન સમાન હોઈ તે પ્રકારના બનાવ પોલીસ સાથે છેલ્લા એક

## બુટલેગરોએ પોલીસકર્મીના માથાના ભાગે તલવારના ઘા ઝીંકી રાયફલ ઝૂંટવી ફરાર : તલવાર વડે પોલીસ જીપના ટાયર પણ ફાડી નાખ્યા

વર્ષના ગાળામાં બની રહ્યા છે. અગાઉના બે બનાવ બાદ વધુ એક પોલીસ કર્મીની રાયફલ ઝુંટવી લઈ બુટલેગરો એ તેને તલવારના ઘા ઝીંકી મોતને ઘાટ ઉતારવાનો પ્રયાસ કરતા સમગ્ર પોલીસ બેડામાં ચકચાર મચી ગઈ છે. અરવલ્લી જીલ્લાના શામળાજી પોલીસ મથક વિસ્તારના બોરનાલા ગામે મનોજ તરાલ નામનો એક શખ્સ વિદેશીદારુનો વેપાર કરતો હોવાની બાતમી મળતા પોલીસના સાત કર્મીઓ સમી સાંજે રેડ કરવા ગઈ હતી. ત્યારે ૩૩ પેટી દારુનો જથ્થો પકડ્યો હતો. ત્યારબાદ પુનઃ પોલીસ ટુકડી અન્ય એક શખ્સના ત્યાં રેડ કરવા ગઈ હતી ત્યારે ૨૫ પેટી દારુનો જથ્થો ઝડપ્યા બાદ ઉસ્કેરાયેલા બુટલેગરો અને તેમના મદદગારોએ પોલીસ ઉપક હિંસક હુમલો કર્યો



હતો.પોલીસ પર તુટી પડેલા બુટલેગરોએ કલ્પેસ અસારીનામના કોન્સ્ટેબલ પર તલવારથી હુમલો કરી તેના માથામાં તેમજ પીઠ પર ઝીવલેણ ઘા ઝીંકીને આ પોલીસ કર્મીની ઈન્સાસ રાયફલ છીનવી લઈ ટોળુ ફરાર થઈ ગયુ હતુ જ્યારે ગંભીર રીતે ઘાયલ પોલીસ કર્મીને શામળાજી રેફરલ હોસ્પિટલમાં સારવારમાટે ખસેડ્યા બાદ વધુ સારવારમાટે હિંમતનગરની ખાનગી હોસ્પિટલમાં સારવારમાટે ખસેડવામાં આવ્યો હતો. જીલ્લા પોલીસ વડાની રાહબરી હેઠળ જીલ્લા પોલીસને શામળાજીમાં ખડકી ગુનેગારોને જડપીલેવા કવાયત હાથ ધરવામાં આવી છે. ૧૭ આરોપીઓ તેમજ અન્ય ૧૦ માણસોના ટોળા સામે ફરીયાદ નોંધાઈ છે.

### આરોપીઓના નામ

(૧) મહેશ ઉર્ફે કાળીયો કમજી અસારી રહે. ધંધાસણ, તા.ભીલોડા જી. અરવલ્લી (૨) ખાતુભાઈ પુનાભાઈ મનાત રહે.બોરનાલા(સાલીયાટ) તા. ભીલોડા, જી. અરવલ્લી (૩) મનોજભાઈ પુનાભાઈ મનાતરહે.બોરનાલા (સાલીયાટ) તા.ભીલોડા, જી.અરવલ્લી (૪)શૈલેષભાઈ કમજીભાઈ અસારી રહે. ધંધાસણ, તા.ભીલોડા જી. અરવલ્લી (૫) નીરુસ નાગજી ડામોર રહે. જેસીંગપુર તા.ભીલોડા, જી.અરવલ્લી (૬) રમેશ બાબુ ડામોર રહે.પાલીસોડા, તા. વિંછીવાળા, જી.ડુંગરપુર (૭) જગદીશ અઢેળા ડામોર રહે. રહે. પાલીસોડા તા. વિંછીવાળા, જી. ડુંગરપુર (૮) સુકા બાબુ ડુંડ રહે નાના ડોડીસરા, તા.ભીલોડા, જી.અરવલ્લી (૯) નિતીન ઉર્ફે નિતીયો પાઉલભાઈ બળેવા રહે નાના ડોડીસરા, તા.ભીલોડા, જી.અરવલ્લી (૧૦) અનીલ ઉર્ફે ગોદો ચીમનભાઈ નીનામા રહે. નાના ડોડીસરા, તા.ભીલોડા, જી.અરવલ્લી (૧૧) સતીષભાઈ નાનજીભાઈ રહે.જેતપુર, તા.ભીલોડા, જી.અરવલ્લી (૧૨) કચરા હોમા ખરાડી રહે.પાલીસોડા, તા.વિંછીવાળા, જી. ડુંગરપુર (૧૩) કાન્તી મક્સી ખરાડી રહે.પાલીસોડા, તા. વિંછીવાળા, જી. ડુંગરપુર (૧૪) રાજકુમાર બંસીલાલ ખરાડી રહે. પાલીસોડા, તા. વિંછીવાળા, જી. ડુંગરપુર (૧૫) મણીલાલ નાથા ખરાડી રહે.પાલીસોડા, તા.વિંછીવાળા, જી.ડુંગરપુર (૧૬) મુકેશભાઈ મક્સી ખરાડી, રહે.પાલીસોડા, તા. વિંછીવાળા, જી.ડુંગરપુર (૧૭) અજયભાઈ માવજીભાઈ બોડાત રહે. હાથીયા, તા. ભીલોડા તથા બીજા આશરે દસેક માણસો રહે. બોરનાલા (સાલીયાટ) તા.ભીલોડા, જી.અરવલ્લી.

### ઘટનાની ગંભીરતાને લઈને ઉચ્ચ પોલીસ અધિકારીઓનો કાફલો ઘટના સ્થળે

અરવલ્લી જીલ્લામાં શામળાજી ખાતે પોલીસ પર થયેલા હિંસક હુમલા બાદ સમગ્ર વિસ્તાર પોલીસ છાવણી માં ફેરવાઈ ગયો હતો અને આરવલ્લી જીલ્લા પોલીસ વડા મયુરસિંહ ચાવડા, ડીવાયએસપી બડોલીયા, એલસીબી પીઆઈ પીકે પટેલ સહિત ઉચ્ચ પોલીસ અધિકારીઓનો કાફ્લો ઘટનાસ્થળે દોડી આવ્યો હતો.

### ૧૦૦ જેટલા પોલીસના કાફલાએ કોમ્બીંગ હાથ ધર્યુ

ગઈકાલે રાત્રે પલ્લા આઉટ પોસ્ટમાં આવેલ બોરનાલા ગામે દારુની રેડ કરવા ગયેલા પોલીસ પર બુટલેગર દ્વારા તલવાર વડે માથાના ભાગે હુમલો કરવામાં આવ્યો હતો.ત્યારબાદ અરવલ્લી અને સાબરકાંઠાની પોલીસ મળીને ૧૦૦ જેટલા પોલીસ જવાનોએ આરોપીઓને પકડવા માટે કોમ્બીંગ હાથ ધર્યુ હતુ. પરંતુ પોલીસને કોમ્બીંગ દરમ્યાન વીલા મોઢે પાછુ ફરવુ પડ્યુ હતુ.

### બુટલેગરોએ તલવાર વડે પોલીસની ગાડીના ટાયર કાપી નાખ્યા

બુટલેગરો દ્વારા પોલીસ પર તલવાર વડે હુમલો કરાયા બાદ વધુ પોલીસ જવાનો સાથે ૫૦ પેટી પકડાયેલ દારુ ભરવા ગયેલી પોલીસની ગાડીના બુટલેગરો દ્વારા તલવાર વડે ચાર ટાયર કાપી નાખવામાં આવ્યા હતા. અને પથ્થરમારો કરી પોલીસની ગાડીને નુકસાન પહોંચાડવામાં આવ્યુ હતુ.

### છેલ્લા છ મહિનામાં ત્રીજી વખત શામળાજી પોલીસ પર હુમલો

શામળાજી ખાતે અગાઉ પણ શામળાજી પીએસઆઈ એકેવાળા ઉપર બુટલેગરો દ્વારા ગાડી ચડાવી દઈ પોતને ઘાટ ઉતારવામાં આવ્યા હતા.ત્યારબાદ ફરી એકવાર બુટલેગરે શામળાજીના એક કોન્સ્ટેબલને ગાડીની ટક્કર મારતા કોન્સ્ટેબલના બંન્ને પગે ફેક્ચર થયુ હતુ. આ ઘટનાની શાહી સુકાઈ નથી ત્યાંતો ફરીથી બુટલેગરો દ્વારા ફરીથી પોલીસ પર હુમલો થતાં ચકચાર.

## પાલનપુરમાં દેશી દારૂ ભરેલી ૩ કાર સાથે નવ શખ્સોની અટકાયત

પાલનપુર, તા. ૩

વિદેશી દારૂ મોંઘી ગાડીઓમાં હેરાફેરી થતી હોવાના બનાવો બનતા હોય છે. પરંતુ હાલમાં દેશી દારૂની આધારે આર.આર. ભુજ સેલ પોલીસની ટીમે પાલનપુર તાલુકા વિસ્તાર પેટ્રોલીંગ ગોઠવવામાં આવ્યો હતો. ત્યારે મળેલી બાતમીને આધારે અટકાયત કરી છે તેમજ સાત મોબાઈલ સાથે કુલ ૭૬૭૯૨૦નો મુદ્દામાલ કબજે કર્યો છે.

પાલનપુર તાલુકાના આંત્રોલી





માંગ વધવાના કારણે દેશી દારૂનો જથ્થો પણ મોંઘી ગાડીઓમાં હેરાફેરી થાય છે. આજે આર આર ભુજ સેલ પોલીસે પાલનપુર તાલુકા પોલીસની હદમાંથી ત્રણ અલ્ટો ગાડીમાં ભરેલ દેશી દારૂ સાથે કુલ નવ આરોપીની અટકાયત કરી કુલ સાત લાખથી વધુ કિંમતનો મુદ્દામાલ કબજે કર્યો છે.

બોર્ડર રેન્જ કચ્છ ભુજના આઈ.જી.પી.ની મળેલી સુચના પાલનપુર તાલુકા પોલીસની હદમાં આવેલા માલણ ચાર રસ્તા નજીકથી સવારે સાત વાગ્યેના સમય પસાર થતી શંકાસ્પદ ત્રણ અલ્ટો ગાડીની ભુજ સેલ પોલીસની ટીમે તપાસ હાથ ધરતા ત્રણ અલ્ટો ગાડીમાંથી ૧૩૯૨૦ની કિંમત દેશી દારૂનો જથ્થો મળી આવ્યો હતો. તેમજ ભુજ સેલ પોલીસે ત્રણ અલ્ટો ગાડી સાથે આંત્રોલી ગામ નવ આરોપીની ગામ આમ તો દેશી દારૂનું બનાવવાનું એપી સેન્ટર મનાય છે ત્યારે આરઆર ભુજ સેલ પોલીસે ઝડપી પાડેલ ત્રણ અલ્ટો ગાડીમાં દેશી દારૂ જથ્થો પાલનપુર સહેરના દેશી દારૂના બુટલેગરોને ડીલવરી આપવામાં આવતી હતી. જો કે આજની આ ઘટનાથી પાલનપુર તાલુકા પોલીસની કામગીરી શંકાના દાયરામાં આવી છે.



**મોડાસામાં લેધર બોલ ક્રિકેટ ટૂર્નામેન્ટનો પ્રારંભ**

મોડાસા શહેરમાં ગિરિમાળા ક્રિકેટ એસોસીએશન દ્વારા ૨જી ઓક્ટોબરે માલપુર રોડ પર આવેલ સ્વર્ણિમ ગ્રાઉન્ડના મેદાનમાં જિલ્લાકક્ષાની લેધર બોલ ક્રિકેટ ટૂર્નામેન્ટનો ભવ્ય પ્રારંભ કરાયો હતો. જિલ્લામાં રહેલી યુવા પ્રતિભાવોને રાજ્યકક્ષાએ તેમજ દેશ કક્ષાએ પહોંચાડવાના પ્રયાશરૂપે આ ટૂર્નામેન્ટનું આયોજન કરવામાં આવ્યું છે. પ્રથમ લેધર બોલ ક્રિકેટ ટૂર્નામેન્ટનો પ્રારંભ અરવલ્લી જિલ્લા પોલીસ અધિક્ષક મયુર ચાવડા, રણજી પ્લેયર દિલીપસીંહ હડીયોલ બરોડા ક્રિકેટ એશોના કોચ, વિકાસ પટેલ (અંધજન વર્લ્ડકપ વિજેતા ટીમના સદસ્ય) અને સાબરકાંઠા લેધર ક્રિકેટના પ્રણેતા એજાજભાઈ ઉપસ્થિતિમાં દિપ પ્રાગટ્ય કરીને કરાવ્યો હતો.

## પ્રાંતિજમાં સ્ટેટ બેંકનું એ.ટી.એમ. છેલ્લા એક મહિનાથી બંધ રહેતા ગ્રાહકોને હાલાકી

પ્રાંતિજ, તા. ૩

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ નગરપાલિકા વિસ્તારમાં આવેલ સ્ટેટ બેંકનું એ.ટી.એમ. છેલ્લા લાંબા સમયથી બંધ હોઈ ગ્રાહકોને હાલાકી વેઠવી પડે છે. આ અંગે બેંકનો સંપર્ક કરતાં વધુ સુવિધાયુક્ત એ.ટી.એમ. કાર્યરત કરવાનું હોઈ તેની કામગીરીને લઈ સુવિધા બંધ છે.

મળતી માહિતી મુજબ પ્રાંતિજ નાની ભાગોળ કચેરી પાસે આવેલ એસ.બી.આઈ.નું એ.ટી.એમ. છેલ્લા એકાદ મહિનાથી બંધ છે. જેના કારણે બેંક સમય સિવાય નાણાં ઉપાડવા માંગતા કાર્ડ ધારકો અહી આવે છે ત્યારે એ.ટી.એમ.નું શટર પડેલું જોઈ મોઢુ ચડાવીને પરત ફરે છે. ત્યારે અન્ય જગ્યાએ લાંબા થવાનો વારો આવે છે. જ્યારે આ મુખ્ય શાખાનું એ.ટી.એમ. બંધ રહેતા બેંકમાં સંપર્ક કરતાં બેંકમાંથી જાણવા મળ્યું છે કે અહીં વધુ સુવિધા




યુક્ત એ.ટી.એમ. મશીન મુકવાનું હોઈ જેમાં નાણાં ઉપાડવા સાથે મુકવાની અદ્યતન સુવિધા સાથે ઉપલબ્ધ થનાર હોવાનું હોઈ હાલ કામગીરી ચાલુ છે. જ્યારે હાલ તો એ.ટી.એમ. ગ્રાહકોને પરેશાનીનો સામનો કરવો પડે છે. જેથી ગ્રાહકો તથા નગરજનોની લાગણી અને માંગણી છે ત્યારે બેંક સત્તાધિશો આ કામને ઝડપી અંજામ આપે તેવું બેંક એ.ટી.એમ. ગ્રાહકો જણાવી રહ્યા છે.

## પાલનપુરમાં ભત્રીજાએ કાકાની હત્યા બાદ આત્મહત્યાનો પ્રયાસ કરતા ચકચાર

પાલનપુર, તા. ૩

પાલનપુર શહેરના નવા ગંજ બજારમાં ભત્રીજાએ કાકાની હત્યા બાદ આત્મહત્યાનો પ્રયાસ કરતા ચકચાર મચી જવા પામી હતી. મિલ્કતને મામલે કાકાની હત્યા બાદ ભત્રીજાએ પણ વખ ઘોળી લેતા તેને સારવાર અર્થે પાલનપુર સિવિલ હોસ્પિટલમાં ખસેડાયો હતો. જ્યાં તેની હાલત નાજુક હોવાના અહેવાલ સાંપડ્યા છે.

પાલનપુર માર્કેટયાર્ડમાં એ-૪૪ નંબરની અનાજની પેઢીમાં આજે હત્યા બાદ આત્મહત્યાનો ચકચારી કિસ્સો બહાર આવ્યો હતો. 'જર જમીન અને જોરૂ ત્રણેય કજીયાના છોરૂ' ઉક્તિને સાર્થક કરતી આ ઘટનામાં જમીનને લઈને કાકા-ભત્રીજા વચ્ચે તકરાર થઈ હતી. જેમાં કહેવાય છે કે, ભત્રીજાએ કાકા કરશનભાઈ ચેલાભાઈ પટેલ પર પાઈપ સહીતના બોથડ પદાર્થ વડે હૂમલો કરી મોતને ઘાટ ઉતાર્યા હતા. બાદમાં અગમ્ય કારણોસર ભત્રીજા રાજેશ શામળભાઈ પટેલે પણ વિષપાન કરી લેતા તેને ૧૦૮ મારફતે પાલનપુર સિવિલમાં સારવાર અર્થે ખસેડાયો હતો.



**પાલનપુરમાં વિદ્યાર્થીઓ માટે ડ્રાઈવિંગ લાયસન્સ કેમ્પ યોજાયો**

પાલનપુર આર.ટી.ઓ. કચેરી અને બનાસકાંઠા જિલ્લા પોલીસ દ્વારા પાલનપુર આર.ટી.ઓ. ખાતે સદભાવના ગ્રુપ દ્વારા વિદ્યાર્થીઓ માટે ખાસ ડ્રાઈવિંગ લાયસન્સ કેમ્પ યોજાયો હતો. જેમાં ડીસાની આદર્શ સ્કૂલના ૨૦૦ વિદ્યાર્થીઓએ લાયસન્સ મેળવ્યા હતા.

## અરવલ્લી જિલ્લામાં ધુમ્મસનું ગાઢ આવરણ

### જનજીવન પ્રભાવિત : વાહનચાલકો પરેશાન

મોડાસા, તા. ૩

અરવલ્લી જિલ્લાના વાતાવરણમાં શનિવારે સવારે અચાનક ભારે પલટો આવતા જિલ્લાના વાતાવરણમાં ધુમ્મસનું ઘનઘોર આવરણ છવાતાં જિલ્લાનું જનજીવન પ્રભાવિત થયું હતું. ગાઢ ધુમ્મસના આવરણથી જિલ્લાના માર્ગો પરથી પસાર થતાં વાહનચાલકો પરેસાન થઈ ગયા હતા. સવારે ૯ વાગ્યા સુધી ધુમ્મસની અસર જિલ્લાના વાતાવરણમાં જોવા મળી હતી. સૂરજદાદાએ જિલ્લાના આકાશમાંથી અદ્રશ્ય હોય તેમ અંધારૂ છવાયેલું રહેતા વાતાવરણમાં આવેલા પલટાથી ભુમિપુત્રો ચિંતીત બન્યા હતા.

અરવલ્લી જિલ્લામાં ચોમાસાની ઋતુએ વિધિવત રીતે વિદાય લીધી હોય તેમ જિલ્લાના વાતાવરણમાં બે ઋતુનો અહેસાસ અનુભવાઈ રહ્યો છે. દિવસ દરમ્યાન ભાદરવાનો આકરો તાપ અને રાત્રી થતાં જ શિયાળાની ઋતુ જેવી ઠંડી અનુભવાઈ રહી છે. જિલ્લાના વાતાવરણમાં ગ્લોબલ વોર્મિંગની અસર હેઠળ અચાનક ક્લાઈમેચેન્જના દશ્યો સર્જાયા હતા. જિલ્લાના વાતાવરણમાં એક સપ્તાહથી વહેલી સવારે ધુમ્મસનું વાતાવરણ જોવા મળતુ હતુ. શનિવારે વહેલી સવારે વાતાવરણમાં ભારે પલટો આવતાં ધુમ્મસનું ઘનઘોર આવરણ છવાયું હતું. જિલ્લાના વાતાવરણમાં છવાયેલા ગાઢ ધુમ્મસથી પ્રજાજનો વિચારમાં પડી ગયા હતા. સવારે ૯ વાગ્યા સુધી ધુમ્મસથી જનજીવન પ્રભાવિત બન્યુ હતુ. જિલ્લાના માર્ગો પરથી પસાર થતા વાહનચાલકો ધુમ્મસથી વીઝીબીલીટી ઓછી થતા વાહનચાલકો પરેશાન બની ગયા હતા. ધુમ્મસ ૯ વાગ્યા સુધી રહેતા વાહનચાલકોએ ફરજીયાત વાહનોના લાઈટ ચાલુ કરવા પડ્યા હતા. ધુમ્મસ ભર્યા વાતાવરણથી ખેડૂતોના જીવ પડીકે બંધાયા હતા અને મહામૂલી ખેતી ધુમ્મસના વાતાવરણથી જીવાત પડવાની નાશ પામવાની ભીતીથી ચિંતીત બન્યા હતા.

ગુજરાત રાજ્યમાં સ્વાઈનફલુ, ડેન્ગ્યુ, મેલેરીયા અને વાઈરલ બિમારીએ માથુ ઉંચક્યુ છે ત્યારે જ જિલ્લાના વાતાવરણમાં ધુમ્મસ છવાતાં વાઈરલ બિમારીઓમાં જિલ્લાના પ્રજાજનો સપડાઈ જવાની સંભાવનાથી ચિંતીત બન્યા છે. ભેજવાળા હવામાનમાં વાઈરલ બિમારીઓ ઝડપથી પ્રસરતી હોવાથી આવનારા દિવસોમાં જિલ્લાના પ્રજાજનો વાઈરલ બિમારીમાં ટપોટપ પટકાય નહિ તો જ નવાઈ નહી.

## વિસનગરના યુવાનની હત્યા પ્રકરણમાં મૃતક યુવાનના મિત્રની ધરપકડ

મહેસાણા, તા. ૩

મહેસાણા જિલ્લાના વિસનગરના ફાયનાન્સરના યુવાન પુત્રની થયેલ નિર્મમ હત્યાના ગુનાનો ભેદ ઉકેલાઈ ગયો છે અને પોલીસે આ ગુનામાં સંડોવાયેલ મૃતકના મિત્રની ધરપકડ કરી વધુ તપાસ હાથ ધરી છે.

વિસનગરના બહુચર્ચિત નાગજી રબારીની હત્યાના ગુનામાં જિલ્લાની એલ.સી.બી. એસ.ઓ.જી. અને વિસનગર પોલીસે સંયુક્ત રીતે ઝીણવટભરી તપાસ હાથ ધરી મૃતકના મિત્ર રૂતુલ મગેશભાઈ પટેલ રહે. વિસનગરને ઝડપી લીધો હતો. બાદ આ શખ્સની પુછપરછ કરતાં તે ભાંગી પડ્યો હતો અને ગુનાની ચોંકાવનારી કબુલાત કરી હતી. પોલીસ તપાસમાં બહાર આવેલ હકિકત મુજબ મૃતક નાગજી રબારીએ પોતાના મિત્ર રૂતુલ પટેલને સોનાનો દોરો હવનમાં પહેરવા માટે આપ્યો હતો. જેની નાગજીએ મિત્ર પાસે ઉઘરાણી કરી હતી. દરમિયાન સોનાનો દોરો પરત ન આપવો પડે તે માટે રૂતુલે મિત્ર નાગજીની હત્યા કરવાનો પ્લાન બનાવ્યો હતો અને તેને પૂર્ણ કરવા પેટ્રોલપંપ પરથી એક બોટલમાં પેટ્રોલ તેમજ બજારમાંથી છરી અને હથોડાની ખરીદી કરી હતી. ત્યારબાદ સોનાનો દોરો પિતાજી પાસે હોઈ ખેતરમાં લેવા જવુ પડશે તેવું મિત્ર નાગજીને જણાવીને રૂતુલ નાગજીને બાઈક પર નજીકના કુવાસણા રોડ પરના એક નેળિયામાં લઈ ગયો હતો. જ્યાં નાગજી જેવો બાઈક પરથી નીચે ઉતર્યો કે તુરત પાછળથી મિત્ર રૂતુલે હથોડા અને તીક્ષ્ણ હથિયાર વડે હૂમલો કર્યો હતો. જેથી તે ગંભીર રીતે ઘાયલ થયો હતો. બાદ નાગજી રબારીના સરીર પર પેટ્રોલ છાંટીને આગ ચાંપી હતી. આમ મિત્રએ જ મિત્રની નિર્મમ હત્યા કરી હોવાની ચોંકાવનારી વિગત બહાર આવતા સમગ્ર જિલ્લામાં ભારે ચકચાર જાગી છે.

હાલ પોલીસે રૂતુલ પટેલની ધરપકડ કરી ગુનાના કામે વપરાયેલ વસ્તુઓ કબજે કરી છે અને નામદાર અદાલતમાંથી રીમાન્ડ મેળવવા કાર્યવાહી હાથ ધરી છે. હત્યાના આ ગુનામાં અન્ય કોઈ શખ્સોની સંડોવણી છે કે કેમ તે દિશામાં પણ પોલીસે તપાસ હાથ ધરી છે.

## તમ્બુલીયાના યુવાને ગળે ફાંસો ખાઈ જીવન ટુંકાવ્યું

ઈસરી, તા. ૩

અરવલ્લી જિલ્લાના મેઘરજ તાલુકાના અંતરીયાળ વિસ્તારના ગામડામાં ૩૫ વર્ષિય પરણીત યુવકે મગજની બિમારીથી ત્રણ વર્ષથી પીડાતો હતો. છેવટે ગુરૂવારે વહેલી સવારે ઘરથી દૂર ખેતરમાં ઝાડ સાથે રસ્સી બાંધી ગળેફાંસો ખાઈ લીધો હતો. પરિવારની શોધખોળ બાદ યુવક મૃતક હાલતમાં મળી આવતાં પરિવારજનોએ આ અંગે મેઘરજ પોલીસને જાણ કરતા પોલીસે ઘટનસ્થળે પહોંચી મૃતક ચયુવાનની લાશને પીએમ. માટે મોકલી આપી કાયદેસરની કાર્યવાહિ હાથ ધરી હતી.

મેઘરજ તાલુકાના તુમ્બલીયા ગામે ૩૫ વર્ષીય પરણીત યુવકે ખેતરમાં આવેલ ઝાડ પર ગળેફાંસો ખાઈ જીવન ટુંકાવી દેતા સમગ્ર પંથકમાં ચકચાર મચી જવા પામી છે. તુમ્બલીયા ગામે પરિવાર સાથે રહેતા મગનભાઈ મશરૂભાઈ ડામોર બુધવારે રાત્રે જમીને સુઈ ગયા હતા. ગુરૂવારે વહેલી સવારે પરોઢે ભેંસોને દોહવા ઉઠેલા તેમના પત્નિ લાલીબેને પતિને ખાટલામાં ન જોતા પરિવારજનોને જાણ કરતા સઘન શોધખોળ હાથ ધરી હતી. મગનભાઈ ઘરથી દૂર આવેલા ખેતરમાં લીમડાના ઝાડ પર ગળેફાંસો ખાધેલી હાલતમાં મળી આવતા પરિવારજનો ચોંકી ઉઠ્યા હતા. આ અંગે પોલીસને જાણ કરતા પોલીસ ઘટનાસ્થળે દોડી આવી લાશનો કબ્જો લી પોસ્ટમોર્ટમ માટે મેઘરજ સરકારી દવાખાનામાં મોકલી આપી મૃતકના પિતા મશરૂભાઈની ફરિયાદના આધારે કાયદેસરની કાર્યવાહિ હાથ ધરી હતી.

મૃતક મગનભાઈ છેલ્લા ત્રણ વર્ષથી માનસિક રીતે બિમાર રહેતા હતા અને બિમારીથી કંટાળીને આ પગલુ ભર્યુ હોય તેવું અનુમાન પરિવારજનો લગાવી રહ્યા છે.